**પ્રશ્ન –૧૭ સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ 2**
પેટા પ્રશ્નો ........ 5
પેટા પ્રશ્ન ૧ (શ્રી પ્રવિણભાઇ માળી, ડીસા) ........ 6
પેટા પ્રશ્ન ૨ (શ્રી મુકેશભાઇ પટેલ, મહેસાણા) ........ 7

**પ્રશ્ન –૧૯ સુરત અને અમરેલી જિલ્લામાં નકલી ઘી બનાવતી ફેક્ટરીઓ ........ 8**
પેટા પ્રશ્નો ........ 13
પેટા પ્રશ્ન ૦૧ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, રાપર ........ 14
પેટા પ્રશ્ન ૦૨ શ્રી હાર્દિકભાઇ પટેલ, વિરમગામ ........ 15
પેટા પ્રશ્ન ૦૩ (શ્રી કનુભાઇ પટેલ, સાણંદ) ........ 16

**પ્રશ્ન–૨૩ રાજ્યમાં સાર્વત્રીક રસીકરણ કાર્યક્રમ ........ 17**
પેટા પ્રશ્નો ........ 23
પેટા પ્રશ્ન –૧ (શ્રી બાબુસિંહ સારાભાઇ જાદવ, વટવા) ........ 24
પેટા પ્રશ્ન ૨ શ્રી લવિંગજી ઠાકોર, રાધનપુર ........ 26
પેટા પ્રશ્ન –૩ શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર (ઉ) ........ 28

**પ્રશ્ન –૨૬ અમદાવાદ શહેર અને જિલ્લામાં તબીબોની ડીગ્રી ચકાસણી ........ 29**
પેટા પ્રશ્નો ........ 32
પેટા પ્રશ્ન ૧ (શ્રી મુકેશભાઇ પટેલ, ઉંઝા) ........ 33
પેટા પ્રશ્ન ૨ (શ્રી કરસનભાઇ સોલંકી, કડી) ........ 34

**પ્રશ્ન–૨૭ વડોદરા શહેરમાં આયુષ્માન કાર્ડ ........ 35**
પેટા પ્રશ્નો ........ 40
પેટા પ્રશ્ન ૧ (શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા, સયાજીગંજ) ........ 41
પેટા પ્રશ્ન ૨ (શ્રી અભેસિંહ તડવી, સંખેડા) ........ 42

**પ્રશ્ન:– ૨૮ રાજ્યની મેડીકલ કોલેજોમાં અનુસ્નાતકની બેઠકો ........ 43**
પેટા પ્રશ્નો ........ 46
પેટા પ્રશ્ન ૧ (શ્રીમતી રીટાબેન પટેલ ગાંધીનગર ઉત્તર) ........ 47
પેટા પ્રશ્ન ૨ (શ્રી અલ્પેશભાઇ ઠાકોર, ગાંધીનગર (દ)) ........ 48
પેટા પ્રશ્ન ૩ (શ્રીમતી સંગીતાબેન પાટીલ, લિંબાયત) ........ 49

મુખ્ય પેજ

# પ્રશ્ન -૧૭

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૫૬૮**
**તા. ૨૯/૦૨/૨૦૨૪**
**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :** શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા)

**પ્રશ્ન :–** સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ**

***15/4/2568 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ એ સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદનું વર્ગ–૧ અને વર્ગ–૨નું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,</td><td>(૧)</td><td>
<table>
<tr><th>ક્રમ</th><th>સંવર્ગ</th><th>મંજૂર મહેકમ</th></tr>
<tr><td>૧</td><td>વર્ગ–૧</td><td>૨૫</td></tr>
<tr><td>૨</td><td>વર્ગ–૨</td><td>૨૮</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૫૩</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૨)</td><td>ઉકત વર્ગ–૧ અને વર્ગ–૨ની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,</td><td>(૨)</td><td>
<table>
<tr><th>સંવર્ગ</th><th>ભરાયેલ જગ્યા</th><th>કુલ ખાલી જગ્યા</th><th>૧ વર્ષ કરતા ઓછા સમયથી ખાલી</th><th>૧ વર્ષ કરતા વધારે સમયથી ખાલી</th></tr>
<tr><td>વર્ગ–૧</td><td>૦૮</td><td>૧૭</td><td>૦૦</td><td>૧૭</td></tr>
<tr><td>વર્ગ–૨</td><td>૦૯</td><td>૧૯</td><td>૦૦</td><td>૧૯</td></tr>
<tr><td>કુલ</td><td>૧૭</td><td>૩૬</td><td>૦૦</td><td>૩૬</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૩)</td><td>ઉકત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને</td><td>(૩)</td><td>યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે જગ્યાઓ ખાલી રહેલ છે.</td></tr>
<tr><td>(૪)</td><td>ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?</td><td>(૪)</td><td>યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.</td></tr>
</table>

મુખ્ય પેજ

# પુરક નોંધ

- સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ અને ફીઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ ખાતે તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વર્ગ–૧ અને વર્ગ–૨ સંવર્ગની જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા | ભરાયેલ જગ્યા | કુલ ખાલી જગ્યા | ૧ વર્ષ કરતા ઓછા સમય થી ખાલી | ૧ વર્ષ કરતા વધારે સમયથી ખાલી | ૨ વર્ષ કરતા વધારે સમયથી ખાલી | ૩ વર્ષ કરતા વધારે સમયથી ખાલી |
|---|---|---|---|---|---|---|---|
| વર્ગ–૧ | ૨૫ | ૦૮ | ૧૭ | ૦૦ | ૦૦ | ૧૦ | ૦૭ |
| વર્ગ–૨ | ૨૮ | ૦૯ | ૧૯ | ૦૦ | ૦૦ | ૦૬ | ૧૩ |
| કુલ | ૫૩ | ૧૭ | ૩૬ | ૦૦ | ૦૦ | ૧૬ | ૨૦ |

- સરકારશ્રી દ્વારા જી.પી.એસ.સી.મારફતે સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે આ પ્રક્રિયા દરમ્યાન ઉમેદવાર ઉપલબ્ધ ન થવાના/ઉમેદવાર વિલંબથી મળવાના કારણે તબીબી વિદ્યાર્થીઓના અભ્યાસ અને દર્દીઓની સારવારમાં વિપરીત અસર ન પડે તે હેતુસર સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૧/૦૩/૨૦૨૦ તથા તા.૨૫/૦૮/૨૦૨૦ના ઠરાવથી મેડીકલ કોલેજો અને સંલગ્ન શૈક્ષણિક હોસ્પિટલો ખાતે તબીબી શિક્ષકોને ૧૧ માસ કરારીય ધોરણે ખાલી જગ્યાઓ પર તબીબી વિદ્યાર્થી અને દર્દીના હિતને ધ્યાનમાં રાખીને નિમણુંક આપવામાં આવે છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ : ૧૭

### પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૬૬૮

તા. ૨૯/૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા)**

**પ્રશ્ન:– સ્પાઇન ઈન્સ્ટિટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સ્પાઇન ઈન્સ્ટિટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ ખાતે ખાલી જગ્યા ભરવા માટે શું આયોજન કરવામાં આવેલ છે? | શ્રી પ્રવિણભાઇ માળી, ડીસા |
| ૨ | સ્પાઇન ઈન્સ્ટિટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ ખાતે તાજેતરમાં કોઇ જગ્યાઓ ભરવામાં આવેલ છે કે કેમ? | શ્રી મુકેશભાઇ પટેલ, મહેસાણા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ – ૧૭**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૨૫૬૮**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૯/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રી પ્રવિણભાઇ માળી, ડીસા)

- **સ્પાઈન ઈન્સ્ટિટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ ખાતે ખાલી જગ્યા ભરવા માટે શું આયોજન કરવામાં આવેલ છે?**

**જવાબ :–**

- સ્પાઈન ઈન્સ્ટિટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદમાં

| | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૨૫ | ૦૮ | ૧૭ |
| વર્ગ–૨ | ૨૮ | ૦૯ | ૧૯ |
| કુલ | ૫૩ | ૧૭ | ૩૬ |

- વર્ગ–૧ ની ૧૭ ખાલી જગ્યાઓ પૈકી ૮ જગ્યાઓ અને વર્ગ–૨ ની ૧૯ ખાલી પૈકી ૫ જગ્યાઓ વર્ષ ૨૦૨૨ માં સ્પીચ લેન્ગેવેજ પેથોલોજી અને ઓડિયોલોજી કોલેજ શરૂ કરવા માટે નવી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે જેના ભરતી નિયમો આખરી કરવાની પ્રક્રિયા ગતિમાં છે.
- ખાલી રહેલ જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલવામાં આવેલ છે.
- આગામી સમયમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ઉમેદવારોની પસંદગી કરીને નિમણુંક માટે ભલામણ કર્યેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવનાર છે.
- તથા બઢતીથી ભરવાપાત્ર ખાલી જગ્યાઓ પાત્રતા ધરાવતા ઉમેદવારોને બઢતી આપી જગ્યાઓ ભરવામાં આવશે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ (શ્રી મુકેશભાઇ પટેલ, મહેસાણા)

- **સ્પાઈન ઈન્સ્ટિટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ ખાતે તાજેતરમાં કોઈ જગ્યાઓ ભરવામાં આવેલ છે કે કેમ?**

**જવાબ :-**

- તા.૦૬/૧૧/૨૦૨૩ ની અધિસુચનાથી વર્ગ-૨ ની કૂલ ૦૬ જગ્યાઓ બઢતીથી ભરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન –૧૯

**પ્રશ્ન ક્રમાંક –** ૧૫/૪/૨૫૭૯
**તા.** ૨૯/૦૨/૨૦૨૪
**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી : –** ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા)

**પ્રશ્ન :–** સુરત અને અમરેલી જિલ્લામાં નકલી ઘી બનાવતી ફેક્ટરીઓ

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**સુરત અને અમરેલી જિલ્લામાં નકલી ઘી બનાવતી ફેક્ટરીઓ**

*15/4/2579 **: ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી(ખેડબ્રહ્મા) : માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને અમરેલી જિલ્લામાંથી જિલ્લાવાર નકલી ઘી બનાવતી કેટલી ફેક્ટરીઓ પકડવામાં આવી, | (૧) | માહિતી શુન્ય છે. |
| (૨) | ઉક્ત ફેક્ટરીમાંથી કયા પદાર્થોમાંથી કેટલું નકલી ઘી બનાવ્યાનું સામે આવ્યું, | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | નકલી ઘીનું વેચાણ અને ઉત્પાદન કરતાં ઉક્ત કયા એકમના કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | ઉક્ત સ્થિતિએ નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | ➢ નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાંથી સમયાંતરે "ઘી" ના નમૂનાઓ લેવામાં આવે છે.<br>➢ "ઘી" ઉત્પાદક પેઢી, રીટેલર/હોલસેલર વિગેરેઓના ત્યાંથી સમયાંતરે ઇન્શપેક્શન કરવામાં આવે છે.<br>➢ માર્કેટમાં ચાંપતી નજર રાખી "શંકાસ્પદ ઘી" ના તાત્કાલિક નમૂનાઓ લઇ કાયદા અન્વયેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. નમૂનો લીધા બાદ આવો જથ્થો સીઝ કરવામાં આવે છે.<br>➢ Food Safety on Wheels (FSW) Mobile Food Testing Van થકી માર્કેટમાં સતત ઘી નું ઉત્પાદન તથા વેચાણ કરતા એકમોની તપાસ કરી સ્થળ પર જ ટેસ્ટીંગ કરવામાં આવે છે. વધુમાં આ વાન દ્વારા જાહેર જનતામાં "નકલી ઘી" અંગે અવેરનેસના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.<br>➢ FSSAI દ્વારા FoSTaC-Food Safety Training & Certification કાર્યક્રમ અંતર્ગત ખાદ્યચીજોનું ઉત્પાદન કરતા એકમોમાં તાલીમ આપવાની કામગીરી કરવામાં આવે છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- છેલ્લા વર્ષમાં ઘી માં ભેળસેળ પકડાયેલ હોય તેવા સુરત જિલ્લામાં ૪૫ અને અમરેલી જિલ્લામાં ૦૪ કિસ્સાઓ સામે આવેલ છે. જેઓની સામે એડજયુડીકેટીંગ કેસ દાખલ કરી કાર્યવાહી કરેલ છે.
- રાજ્યમાં હાલ ઘી બનાવતા ૨૮૫ એકમોને લાયસન્સ આપવામાં આવેલ છે.
- રાજયમાં ઘી માં ભેળસેળ કરતી ફેક્ટરીઓમાંથી વર્ષ ૨૦૨૩ દરમ્યાન કુલ-૩૨૭૯૮ કિ.ગ્રા. જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. જેની અંદાજિત કિમંત રૂા ૮૨,૭૮,૪૫૨/- જેટલી થાય છે.
- હાલમાં વેજિટેબલ ઓઇલ, ફોરેન ફેટ, તલનું તેલ, હળદર, સ્ટાર્ચ, કલર, એસેન્સ... વિગેરે પદાર્થોની ભેળસેળ જોવા મળે છે.
- **નકલી, મિસ બ્રાન્ડેડ, ભેળસેળયુક્ત, સબ સ્ટાન્ડર્ડ, અનસેફ –**
- **નકલી (counterfeit)અને બનાવટીની કાયદામાં કોઇ વ્યાખ્યા નથી.**
- **મિસ બ્રાન્ડેડ** ફુડ એટલે કોઈપણ ખાદ્યચિજના પેકેટના લેબલ ઉપર **ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડસ એક્ટ-૨૦૦૬ના** કાયદા હેઠળ સામાન્ય રીતે ખાદ્ય ચીજનું નામ, બેચ નં., ઉત્પાદન તારીખ, બેસ્ટ બિફોર, ઉત્પાદકનું નામ સરનામું વેજીટેરીયન/નોન વેજીટેરીયન સિમ્બોલ, ઉમેરેલ ઘટક તત્વો મળી આવતાં પોષક તત્વો દર્શાવેલા ન હોય અથવા ખોટા દર્શાવેલ હોય અથવા લેબલ ઉપર દર્શાવ્યા મુજબની ખાદ્ય ચીજ ન હોય તેવી ખાદ્ય ચીજને મિસ બ્રાન્ડેડ (ખોટી છાપવાળી) કહેવાય છે.

મુખ્ય પેજ

- **સબ સ્ટાન્ડર્ડ :** દરેક ખાદ્ય ચીજના કાયદામાં જણાવેલા નક્કી કરેલા માપદંડોથી ઉતરતી કક્ષાની ખાદ્યચીજ
- **અનસેફ(અસુરક્ષિત) :** ખાદ્યપદાર્થની ગુણવત્તાને અસર કરી મનુષ્યના આરોગ્યને હાનિકારક બનાવે તેવા પદાર્થ જેવા કે અખાદ્ય કલર, ઝેરી ખોરાક, જંતુનાશક દવાઓનું વધુ પ્રમાણ, જીવજંતુઓની હાજરી જણાઇ આવે તેવી ખાદ્યચીજને અનસેફ કહેવામાં આવે છે.
- **ભેળસેળયુક્ત :–** ભેળસેળ કરવામાં આવેલ હોય તેવી ખાદ્યચીજ

## એફ.ડી.સી.એ. દ્વારા કરવામાં આવતી કાર્યવાહી

- રાજ્યના ફુડ સેફ્ટી ઓફિસર્સ દ્વારા ઘી તેમજ અન્ય ખાદ્યપદાર્થોનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરતી પેઢીઓમાં સર્વેલેન્સની કામગીરી કરવામાં આવે છે તથા તપાસ દરમિયાન નમૂનાઓ લેવામાં આવે છે જેને રાજ્યની પ્રયોગશાળા ખાતે ફુડ એનાલિસ્ટને પૃથક્કરણ અર્થે મોકલી આપવામાં આવે છે અને પૃથક્કરણ અહેવાલમાંઆ નમૂનાઓ કાયદામાં નિયત કરેલ જોગવાઇ મુજબ માલૂમ ન પડે તો તે અંગે સદર ધારા હેઠળ ફુડ બિઝનેસ ઓપરેટર તથા પેઢી સામે કાયદાકીય પગલા લેવામાં આવે છે. જેમાં દંડ તથા કેદની સજા કરવામાં આવે છે.
- રાજ્યમાં Amul, Krishna બ્રાન્ડોનું ડુપ્લીકેશન પકડવામાં આવેલ છે.
- સબસ્ટાન્ડર્ડ ઘી માં માત્ર દંડની જોગવાઇ કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

- મંદિરોમાં પ્રસાદી બનાવવા માટે વાપરવામાં આવતા ઘી શુદ્ધ છે કે કેમ તે બાબતે આ તંત્ર દ્વારા સતત સર્વેલન્સ તેમજ એન્ફોર્સમેન્ટ નમુનાઓ લેવામાં આવતા હોય છે. પ્રસાદી બનાવતા મંદિરો માટે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ–૨૦૦૬ હેઠળ કલમ–૩૧ હેઠળ પરવાનો લેવાનો થાય છે.
- શંકાસ્પદ ઘી ની ફરિયાદ કરવા માટે જે તે જિલ્લાનાં/મહાનગરપાલિકાનાં ખોરાક અને ઔષધ નિયમનની કચેરીનો સંપર્ક કરવાનો થાય છે. વધુમાં, રાજ્ય સ્તરે હેલ્પડેસ્ક ઉભુ કરવામાં આવેલ છે જેમાં ભેળસેળને લગતી ફરિયાદો સ્વીકારવામાં આવે છે અને જેની જે તે સંલગ્ન કચેરી મારફત તેની તપાસ કરવામાં આવે છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૧૯

### પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૩૩૦

તા.૨૯ /૦૨/૨૦૨૪

આરોગ્ય વિભાગ

માન.ધારાસભ્યશ્રી : – ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી(ખેડબ્રમ્હા)

પ્રશ્ન:– "સુરત અને અમરેલી જિલ્લામાં નકલી ઘી બનાવતી ફેક્ટરીઓ

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ "ઘી" ખાદ્યચીજને એનાલીસીસ કરવા રાજ્યમાં કેટલી લેબોરેટરીઓ કાર્યરત છે?<br>➢ ઘી ની ગુણવત્તા અંગેની પ્રાથમિક ચકાસણી થઇ શકે છે ?<br>➢ વગર પરવાને "ઘી" બનાવતી ફેક્ટરી પકડાયતો શું કાર્યવાહી કરવામાં આવે છે? | શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, રાપર |
| ૨ | ➢ ભેળસેળયુક્ત/નકલી "ઘી" બાબતે જાહેરજનતામાં અવેરનેસ લાવવા સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે? | શ્રી હાર્દિકભાઇ પટેલ, વિરમગામ |
| ૩ | ➢ ઘી બનાવવાની ફેક્ટરી બનાવવા લાયસન્સ પ્રકિયા શુ છે ?<br>➢ ઘી ના પેકિંગ પર ક્યા રેગ્યુલેશન હેઠળ વિગતો દર્શાવવી જરૂરી છે? | શ્રી કનુભાઇ પટેલ, સાણંદ |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૧૯**
**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૨૩૩૦**
**આરોગ્ય વિભાગ**
**તા. ૨૯/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૦૧ શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા, રાપર

- **"ઘી" ખાદ્યચીજને એનાલીસીસ કરવા રાજ્યમાં કેટલી લેબૉરેટરીઓ કાર્યરત છે?**
- **ઘી ની ગુણવત્તા અંગેની પ્રાથમિક ચકાસણી થઇ શકે છે ?**
- **વગર પરવાને "ઘી" બનાવતી ફેક્ટરી પકડાયતો શું કાર્યવાહી કરવામાં આવે છે?**

**જવાબ:**

- હાલમાં "ઘી" ખાદ્યચીજને એનાલીસીસ કરવા રાજ્યમાં રાજ્ય સરકારશ્રી હસ્તકની કુલ–૦૩ લેબૉરેટરી કાર્યરત છે. જે વડોદરા, રાજકોટ અને ભુજ ખાતે આવેલ છે તેમજ મહાનગરપાલિકાઓ હસ્તકની કુલ–૦૩ લેબૉરેટરી કાર્યરત છે. જે અમદાવાદ, વડોદરા અને સુરત મહાનગરપાલિકા ખાતે આવેલ છે.
- હા, ફુડ સેફ્ટી ઓન વ્હીલસમાં આવેલ મેજિક બોક્સ દ્વારા પ્રાથમિક તપાસ કરી શકાય છે.
- વગર પરવાને ઘી બનાવતી કોઈ ફેક્ટરી પકડાય તો ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ–૨૦૦૬ હેઠળ કલમ–૬૩ અન્વયે ગુનો નોંધી એડજયુડીકેટીંગ કેસ દાખલ કરી કાર્યવાહી કરવામાં આવે છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૦૨ શ્રી હાર્દિકભાઇ પટેલ, વિરમગામ

➢ **ભેળસેળયુક્ત/નકલી "ઘી" બાબતે જાહેરજનતામાં અવેરનેસ લાવવા સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે?**

**જવાબ:**

➢ રાજ્ય સરકારશ્રી દ્વારા ખાદ્ય ચીજની ફુડ સેફ્ટી બાબતે જાહેરજનતામાં વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થાય તે માટે રેડિયો, ટીવી ચેનલો, IEC Material, સોશિયલ મિડિયા, બેનર્સ, એલ.ઈ.ડી ડિસ્પ્લે પેનલ વિગેરે માધ્યમ દ્વારા જાગૃતતા અંગેની કામગીરી કરવામાં આવે છે તેમજ ફુડ સેફ્ટી ઓન વ્હીલ્સ કે જે મોબાઈલ ફુડ ટેસ્ટીંગ વાન છે. જેના થકી રાજ્યના અંતરિયાળ વિસ્તારો, મેળઓ, જાહેર કાર્યક્રમોમાં ફુડ સેફ્ટી અન્વયે પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવે છે. હાલમાં ગુજરાત રાજ્યમાં કુલ-૨૨ ફુડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન કાર્યરત છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૦૩ (શ્રી કનુભાઇ પટેલ, સાણંદ)

- **ઘી બનાવવાની ફેક્ટરી બનાવવા લાયસન્સ પ્રકિયા શુ છે ?**
- **ઘી ના પેકિગ પર ક્યા રેગ્યુલેશન હેઠળ વિગતો દર્શાવવી જરૂરી છે?**

**જવાબ:**

- ઘી બનાવવાની ફેક્ટરી બનાવવા માટે નિયત ફોર્મ અને નિયત ફી સાથે જરૂરી દસ્તાવેજ સાથે ભારત સરકારના FSSAI દ્વારા https://FoSCos.fssai.gov.in પોર્ટલ પર માત્ર ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવે છે. ત્યારબાદ અરજી અન્વયે લાયસન્સ આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.
- ઘી ના પેકિંગ પર ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડસ એક્ટ–૨૦૦૬ હેઠળ ફુડ સેફ્ટી (લેબલિંગ એન્ડ ડિસ્પ્લે) રેગ્યુલેશન્સ–૨૦૧૮ હેઠળની વિગતો દર્શાવવી ફરજિયાત છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન-૨૩

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૧૪૦**
**તા.૨૯/૦૨/૨૦૨૪**
**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :** શ્રી બાબુસિંહ સારાભાઇ જાદવ (વટવા)

**પ્રશ્ન :–** રાજ્યમાં સાર્વત્રીક રસીકરણ કાર્યક્રમ

[મુખ્ય પેજ]

# મુળપ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ સ્થિતિએ રાજ્યમાં સાર્વત્રીક રસીકરણ દ્વારા કઇ કઇ રસીઓ આપવામાં આવે છે, | તા.૩૧/૧૨/૨૦૨૩ સ્થિતિએ ગુજરાતમાં હાલમાં, જન્મથી લઇને ૧૬ વર્ષની ઉંમરના બાળકો અને સગર્ભામાતાઓ માટે ૧૧ ઘાતક રોગો સામે રક્ષણ આપવા માટે હીપેટાઇટીસ બી, ઓરલ પોલીયો રસી, બીસીજી, ડીપીટી (ત્રિગુણી), પેન્ટાવેલેન્ટ રસી (પંચગુણી રસી), ન્યુમોકોકલ વેકસીન, રોટાવાયરસ વેકસીન, ઇન્જેકેટેબલ પોલીયો વેકસીન, ઓરી રૂબેલા વેકસીન અને ટીડીની વેકસીન વય આધારિત રાષ્ટ્રીય રસીકરણ સમયપત્રક મુજબ આપવામાં આવે છે. |
| ૨ | સાર્વત્રીક રસીકરણ કાર્યક્રમ દ્વારા કયા કયા રોગો સામે રક્ષણ આપવામાં આવે છે, અને | સાર્વત્રીક રસીકરણ કાર્યક્રમ મારફતે ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઉટાટીયુ, ધનુર, હીબ બેકટેરિયાથી થતા રોગો, ન્યુમોકોકલ ન્યુમોનિયા, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા જેવા રોગો સામે રક્ષણ પુરૂ પાડવામાં આવે છે. |
| ૩ | રસીઓની ગુણવત્તા જળવાય એ માટે સરકાર દ્વારા કયા પગલાં ભરવામાં આવે છે ? | ભારત સરકાર તરફથી ફાળવવામાં આવતી રસીઓની ઉચ્ચ ગુણવત્તા જળવાય એ માટે તમામ રસીઓની બેચનું કસૌલી ખાતે ક્વોલીટી ટેસ્ટીંગ થયા પછી ઉત્પાદકથી લઇને તમામ કોલ્ડ ચેઇન પોઇન્ટ પર નિયત કરેલ તાપમાને રસીઓનો સંગ્રહ અને વિતરણ કરવામાં આવે છે. રસીઓના સંગ્રહ માટે અને નિયત તાપમાને જાળવણી માટે કુલ ૨૨૦૦ કોલ્ડ ચેઇન પોઇન્ટ કાર્યરત છે. રાજ્યમાં તમામ કોલ્ડ ચેઇન પોઇન્ટ પર નિયત તાપમાન જળવાઇ રહે તે માટે આધુનિક ડીઝિટલ ટેમ્પરેચર લોગર મશીન થકી સતત મોનિટરીંગ કરવામાં આવે છે અને તેની દેખરેખ અને નિયંત્રણ ઇ–વીન સોફ્ટવેર થકી કરવામાં આવે છે. રાજ્યમાં અનિવાર્ય સંજોગો દરમિયાન કોલ્ડ ચેઇન પ્રણાલીને જાળવી રાખવા માટે કન્ટીજન્સી પ્લાન અને કોલ્ડ ચેઇનના સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |

મુખ્ય પેજ

# <u>પુરક નોંધ</u>

## રાજ્યમાં સાર્વત્રીક રસીકરણ કાર્યક્રમ

- સાર્વત્રિક રસીકરણ એ ભારત સરકારના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવતા જાહેર આરોગ્યનો ખુબ જ મોટો કાર્યક્રમ છે.
- વર્ષ **<u>૧૯૭૮ માં વિસ્તૃત રસીકરણ કાર્યક્રમ</u>** દ્વારા રસીકરણની સેવા આપવાનું શરું કરવામાં આવેલ જેમાં બીસી ,જી, ડી.પી.ટી ઓ.પી.વી અને શહેરી વિસ્તારમાં ટાઇફોઇડ ની રસી આપવામાં આવતી .
- **<u>સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમએ વર્ષ ૧૯૮૫</u>** માં શરૂ કરવામાં આવેલ. જેમાં ઓરીની રસીનો ઉમેરો કરવામાં આવ્યો અને એક વર્ષથી નાના બાળકોના સંપૂર્ણ રસીકરણ ઉપર વિશેષ લક્ષ્યકેન્દ્રિત કરવામાં આવ્યું .
- ભારતમાં રસીકરણનો વ્યાપ ઘણો વિસ્તરેલો છે, અત્યાર સુધીના સમયગાળા દરમ્યાન અનેક નવી રસીઓ આપવાનું શરૂ કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૬ માં ફ્રેકશનલ ઈન્જેકટેબલ પોલિયો વેક્સિન (એફ.આઈ.પી.વી)વેક્સિનની શરૂઆત કરવામાં આવી જ્યારે તબક્કા વાર રોટા વાઈરસ અને પી સી.વી (ન્યૂમોકોકકલ. કોનજ્યુગેટ વેક્સિન) ની પણ શરૂઆત અનુક્રમેવર્ષ ૨૦૧૬ અને ૨૦૧૭ માં કરવામાં આવી.
- વર્ષ ૨૦૧૯ માં ટીટી રસીને બદલીને ટીડી રસીનો સમાવેશ રાષ્ટ્રીય સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં કરવામાં આવ્યો
- રાષ્ટ્રીય રસીકરણ શિડ્યુલ મુજબની નિર્ધારિત રસીઓ નિર્ધારિત સમયે બાળકોને આપી ઝેરી કમળો, બાળ ક્ષય, બાળ લકવો,

મુખ્ય પેજ

ડિપ્થેરીયા, ઉટાંટીયું, ધનુર, હીબ, રોટાવાયરસ ઝાડા/ ઓરી અને રૂબેલા અને ન્યુમોનિયા જેવા રસીકરણથી અટકાવી શકાય તેવા ૧૧ ઘાતક રોગો સામે રક્ષણ અપાય છે.

- **રાજ્યમાં વર્ષ ૨૦૦૭ પછી પોલિયોનો એકપણ કેસ નોંધાયેલ નથી** અને મેટરનલ અને નિઓનેટલ ટિટેનસનું વેલીડેશન પણ રાજ્યમાં વર્ષ ૨૦૦૯માં પૂર્ણ કરેલ છે .
- રાજ્યના તમામ જિલ્લા કોર્પોરેશનના દરેક વિસ્તારોમાં ચોક્કસ દિવસે (બુધવારે) અને આરોગ્ય કેન્દ્રોમાં દર સોમવારે **મમતા દિવસ** દ્વારા બાળકો અને સગર્ભા બહેનોને રસી આપવામાં આવે છે. ૫૦૦ થી ઓછી વસ્તી વાળા વિસ્તારમાં દર બીજા મહિને એક સેશન, ૫૦૦ થી ૧૫૦૦ ની વસ્તીએ ૧ મહિનામાં ૧ મમતા સેશન અને ૧૫૦૦ થી વધુની વસ્તીએ ૧ મહિનામાં ૨ સેશન ૨ અલગ અલગ જગ્યાએ યોજવામાં આવે છે.
- દર વર્ષે લગભગ **૬ લાખ થી વધુ મમતા દિવસ** આયોજન દ્વારા અંદાજિત **૧૨ લાખ શિશુઓને અને ૧૩ લાખ સગર્ભા** મહિલાઓને રસીકરણ સેવાનો લાભ આપવામાં આવે છે.
- ભારત સરકારશ્રી તરફથી રાજ્યને રસીનો જથ્થો ફાળવવામાં આવે છે રાજયમાં આ તમામ રસીને નિયત તાપમાનને જાળવણી કરી, **સ્ટોર કરવા ૨૩૦૯ થી વધુ કોલ્ડ ચેઈન પોઈન્ટ કાર્યરત છે** .
- દરેક કોલ્ડ ચેઈન પોઈન્ટ ઉપર આ તમામ રસીને + 2 ડિગ્રી થી +8 તાપમાને રાખવામાં આવે છે. રસીના સ્ટોકની વિગત eVIN સોફ્ટવેર પર ખુબ જ અસરકારક તરીકે નિભાવવામાં આવે છે. રસીના વપરાશ અંગે જિલ્લા કોર્પોરેશનતથા રાજ્ય કક્ષાએથી/ સઘનમોનીટરીંગ કરવામાં આવે છે.
- રસીકરણ કાર્યક્રમના સૂચરું અમલ માટે,

મુખ્ય પેજ

- રાજ્યકક્ષાએ મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતાને સ્ટેટ સ્ટીયરિંગ કમિટી ઇમ્યુનાઈઝેશન મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે .
- કમિશ્નરશ્રી(આરોગ્ય)ની અધ્યક્ષતાને સ્ટેટ ટાસ્ક ફોર્સ મીટીંગનું આયોજન કરવામાં આવે છે.
- તમામ જીલ્લા કોર્પોરેશનમાં/કલેકટરશ્રી/મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની અધ્યક્ષતાને ટાસ્ક ફોર્સ મિટિંગનું આયોજન કરવામાં આવે છે .
- તમામ જિલ્લા કોર્પોરેશન સ્તરે તમામ આરોગ્ય કાર્યકરનું રેગ્યુલર ઓરી એન્ટેશન કરવામાં આવે છે .
- **તા.૯/૨/૨૦૨૪ની સ્થિતિએ રાજ્યમાં ૧૦,૮૪,૦૦૨ બાળકોનું સંપૂર્ણ રસીકરણ કરવામાં આવેલ છે.**

મુખ્ય પેજ

## પ્રચાર–પ્રસાર, વિશેષ રસીકરણ આયોજન અને મોનિટરિંગ:

- ઓરલ પોલિયો રસી દરેક બાળકને મળી રહે તે માટે તા:૧૦ મી ડિસેમ્બર ના રોજ એસ.એન.આઇ.ડી. રાઉન્ડનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજ્યના પાંચ વર્ષ સુધીની વયના અંદાજે ૪૧,૪૭,૦૪૧ લાખ બાળકોને આવરી લઈ પોલીયોની રસી પીવડાવવામાં આવી હતી.
- ચાલુ વર્ષે રસીકરણ સેવાને વેગ આપવા તેમજ સંપૂર્ણ રસીકરણ કવરેજને વધારવાના હેતુસર ગુજરાત સરકાર દ્વારા સઘન મિશન ઈન્દ્ર ધનુષ ૫.૦ નું ત્રણ તબક્કામાં અમલીકરણ કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૭૮,૪૫૮ બાળકો અને ૧૦.૮૮૭ સગર્ભા માતાને આવરી લેવામાં આવેલ છે.
- રાજયમાં મિશન ઈન્દ્રધનુષના ૨૦૧૪ થી ૨૦૨૩ દરમ્યાન કુલ ૧૫ ફેઝનું સફળ અમલીકરણ કરવામાં આવેલ છે. આ ૧૫ ફેઝ દરમ્યાન કુલ ૯,૯૫,૩૯૫ બાળકો અને ૨,૨૫,૯૬૦ સગર્ભા સ્ત્રીઓને ૨,૨૮,૮૦૧ વધારાના રસીકરણ/મમતાસેશનનું આયોજન કરી રસીકરણ સેવાઓ અંતર્ગત આવરી લેવામાં આવેલ હતા.
- રસીકરણ અંગે વિવિધ માધ્યમ જેવા કે ઈલેક્ટ્રોનિક મિડીયા, સોશ્યલ મિડીયા અને અન્ય આઇ.ઈ.સી. દ્વારા પ્રચાર–પ્રસાર કરવામાં આવે છે.
- રાજ્યમાં સૌ પ્રથમ વાર નેહરુ યુવા કેન્દ્ર, એન.એસ.એસ. અને એન.સી.સી જેવા સંગઠનોનો ઇમ્યુનાઇઝેશન માટેના એક વિશેષ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું તેમજ આ સંગઠનો ના સહયોગથી બાળકોનું મોબિલાઈઝેશન સુદ્રઢ કરવામાં આવ્યું.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૪૦

તા.૨૯/૦૨/૨૦૨૪

**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી : શ્રી બાબુસિંહ સારાભાઇ જાદવ (વટવા)**

**પ્રશ્ન :– રાજ્યમાં સાર્વત્રીક રસીકરણ કાર્યક્રમ**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ રાજ્ય સરકાર દ્વારા સાર્વત્રિક રસીકરણ અંતર્ગત પ્રતિ વર્ષ કરવામાં આવતાં રસીકરણની વિગત જણાવશો.<br>➢ રાજ્યમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત વિશેષ રસીકરણ કેમ્પેઇન અંગે શું આયોજન કરવામાં આવે છે? | શ્રી બાબુસિંહ સારાભાઇ જાદવ વટવા |
| ૨ | સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત સમયપત્રક અનુસાર વયજૂથ પ્રમાણે ક્યારે અને કઈ કઈ રસીઓ આપવામાં આવે છે? | શ્રી લવિંગજી ઠાકોર, રાધનપુર |
| ૩ | સઘન મિશન ઇંદ્રધનુષ અંતર્ગત શું કામગીરી કરવામાં આવે છે? | શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર (ઉ) |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૨૩**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક– ૧૫/૪/૨૧૪૦**

**આરોગ્ય વિભાગ**

**તા.૨૯/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન -૧ (શ્રી બાબુસિંહ સારાભાઇ જાદવ, વટવા)

- **રાજ્ય સરકાર દ્વારા સાર્વત્રિક રસીકરણ અંતર્ગત પ્રતિ વર્ષ કરવામાં આવતાં રસીકરણની વિગત જણાવશો.**
- **રાજ્યમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત વિશેષ રસીકરણ કેમ્પેઇન અંગે શું આયોજન કરવામાં આવે છે?**

**જવાબ :–**

- રાજ્યમાં દર વર્ષે અંદાજે **૧૨ લાખ શિશુઓને અને ૧૩ લાખ સગર્ભા** મહિલાઓને રસીકરણ સેવાનો લાભ આપવામાં આવે છે.
- ભારત સરકારશ્રી દ્વારા રસીઓને માઈક્રોપ્લાનીંગથી સેશન સાઈટ સુધી પંહોચાડવી, કોલ્ડ ચેઈન જાળવણી, તાલીમો અને આશાબહેનો ને ઈન્સેંટીવ સહિત ની અન્ય તમામ કામગીરી માટે દર વર્ષે 65 થી 70 કરોડનું બજેટ ફાળવવામાં આવે છે. રાજયમાં આ તમામ રસીને નિયત તાપમાનને જાળવણી કરી, સ્ટોર કરવા ૨૩૦૯ થી વધુ કોલ્ડ ચેઇન પોઈન્ટ કાર્યરત છે .

મુખ્ય પેજ

- તમામ જીવનરક્ષક રસીઓ વિનામૂલ્યે પુરી પાડવામાં ભારત સરકારશ્રી તરફથી રસીઓ પુરી પાડવામાં આવે છે. દર વર્ષે **ભારત સરકાર તરફથી ૨૦૮ કરોડ રૂપીયાની રસી વિનામુલ્યે** ગુજરાત રાજ્યને ફાળવવામાં આવે છે. આમ ઉપર મુજબ તમામ ડોઝની ગણતરી કરતાં બજાર કિમંત મુજબ એક બાળકને રક્ષિત કરવા માટે અંદાજીત કુલ રૂ. ૩૦૦૦૦ થી લઈ ૩૫૦૦૦ સુધિનો ખર્ચ થાય. (૧૨ લાખ બાળકો માટે ગણવામાં આવે તો તે રકમ કરોડો રૂપીયા થાય) જે સરકારશ્રી દ્વારા વિનામુલ્યે આપવામાં આવે છે.
- **રાજ્યમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત જે વિશેષ રસીકરણ કેમ્પેઇનનું આયોજન કરવામાં આવે છે તેની વિગતો જોઇએ તો..**
- સઘન મિશન ઈન્દ્ર ધનુષ: આ કેમ્પેઈન અંતર્ગત તમામ ડ્રોપ આઉટ અને લેફ્ટ આઉટ બાળકોનું રસીકરણ સુનિશ્ચિત કરવામાં આવે છે.
- નેશનલ ઇમ્યુનાઈઝેશન ડે(એન.આઈ.ડી)/સબ નેશનલ ઇમ્યુનાઈઝેશન ડે (એસ.એન.આઈ.ડી) : આ કેમ્પેઇન અંતર્ગત ૦ થી ૫ વર્ષ ના તમામ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવી પોલિયો રોગ થી સુરક્ષિત કરવામાં આવે છે.
- ટીડી કેમ્પેઇન: આ કેમ્પેઇન અંતર્ગત ૧૦ વર્ષ અને ૧૬ વર્ષના તમામ બાળકોને ટીડી (ધનુર અને ડીપથેરીયા) ની રસી આપવામાં આવે છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ શ્રી લવિંગજી ઠાકોર, રાધનપુર

➢ **સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત સમયપત્રક અનુસાર વયજૂથ પ્રમાણે ક્યારે અને કઈ કઈ રસીઓ આપવામાં આવે છે?**

**જવાબ :**

**સગર્ભા માતા નવજાત શિશુ અને બાળકો માટે રસીકરણ સમય , – પત્રક ગુજરાત**

| **રસી નું નામ** | **ક્યારે આપવામાં આવે છે?** | **રસી આપવાની વધુમાં વધુ ઉંમર** |
|---|---|---|
| **સગર્ભા મહિલા માટે** | | |
| ટીડી ૧ | સગર્ભાવસ્થા દરમ્યાન વહેલી તકે | વહેલી તકે |
| ટીડી ૨ | ટીડી ૧ આપ્યા પછીના ૪ અઠવાડિયા પછી | |
| ટીડી બૂસ્ટર | છેલ્લા ૩ વર્ષ માં સગર્ભાવસ્થા દરમ્યાન ટીડી ના ૨ ડોઝ લીધા હોય તો | |
| **નવજાત શિશુઓ માટે** | | |
| બી સી.જી. | જન્મ સમયે | એક વર્ષ ની ઉંમર સુધી |
| ઓ પી.વી ૦. | જન્મ સમયે | પહેલા ૧૫ દિવસ માં |
| હિપેટાઈટીસ બી O | જન્મ સમયે | ૨૪ કલાકમાં |
| ઓપી.વી ૧., ૨ ૩ , | ૬ અઠવાડિયે૧૦ અઠવાડિયે ,, ૧૪ અઠવાડિયે | ૫ વર્ષ ની ઉંમર સુધી |
| પેન્ટાવેલેન્ટ ૧૨, ૩ , | ૬ અઠવાડિયે ૧૦ અઠવાડિયે,, ૧૪ અઠવાડિયે | ૧ વર્ષ ની ઉંમર સુધી |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ફ્રેકશનલ આઈ . પી.વી ૧, ૨૩ , | ૬ અઠવાડિયે૧૪ અઠવાડિયે ,, ૯ મહિના પૂરા થયે | ૧ વર્ષ ની ઉંમર સુધી |
| રોટ વાઈરસ | ૬ અઠવાડિયે ૧૦ અઠવાડિયે,, ૧૪ અઠવાડિયે | ૧ વર્ષ ની ઉંમર સુધી |
| પી સી.વી. (ન્યૂમોકોકકલ કોનજ્યુગેટ વેક્સિન) | ૬ અઠવાડિયે૧૪ અઠવાડિયે ,, ૯ મહિના પૂરા થયે બૂસ્ટર | ૧ વર્ષ ની ઉંમર સુધી |
| ઓરી રૂબેલા નો પહેલો ડોઝ | ૯ મહિના પૂરા થયે થી ૧૨ મહિના સુધી | ૫ વર્ષ ની ઉંમર સુધી |
| વિટામિન એ પ્રથમ ડોઝ | ૯ માં મહિને | ૫ વર્ષ ની ઉંમર સુધી |
| ડી .પી .ટી બૂસ્ટર ૧ | ૧૬ થી ૨૪ મહિને | ૭ વર્ષ ની ઉંમર સુધી |
| ઓરી રૂબેલા નો બીજો ડોઝ | ૧૬ થી ૨૪ મહિને | ૫ વર્ષ ની ઉંમર સુધી |
| ઓ પી.વી બૂસ્ટર. | ૧૬ થી ૨૪ મહિને | ૫ વર્ષ ની ઉંમર સુધી |
| વિટામિન એ બીજા થી નવમો ડોઝ | ૧૬ માં મહિને ત્યારબાદ દર ૬ મહિને એક ડોઝ | ૫ વર્ષ ની ઉંમર સુધી |
| **બાળકો માટે** | | |
| ડી .પી .ટી બૂસ્ટર – ૨ | ૫ થી ૬ વર્ષ | ૧ વર્ષ ની ઉંમર સુધી |
| ટી ડી ૧૦ અને ટી.ડી. ૧૬ | ૧૦ માં અને ૧૬ માં વર્ષે | ૧૬ વર્ષ |

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન –૩ શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર (ઉ)

- **સઘન મિશન ઇંદ્રધનુષ અંતર્ગત શું કામગીરી કરવામાં આવે છે?**

**જવાબ:**

- સઘન મિશન ઈન્દ્ર ધનુષ અંતર્ગત તમામ ડ્રોપ આઉટ અને લેફ્ટ આઉટ બાળકો એટલે કે જેમનું સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અંતર્ગત કોઈ પણ કારણસર કોઈ વેક્સિન માટે રસીકરણ બાકી રહી ગયેલ હોય તેવા તમામ બાળકોનું રસીકરણ સુનિશ્ચિત કરવામાં આવે છે.
- રાજયમાં મિશન ઈન્દ્રધનુષના ૨૦૧૪ થી ૨૦૨૩ દરમ્યાન કુલ ૧૫ ફેઝનું સફળ અમલીકરણ કરવામાં આવેલ છે. આ ૧૫ ફેઝ દરમ્યાન કુલ ૯,૯૫,૩૯૫ બાળકો અને ૨,૨૫,૯૬૦ સગર્ભા સ્ત્રીઓને ૨,૨૮,૮૦૧ વધારાના રસીકરણ/મમતાસેશનનું આયોજન કરી રસીકરણ સેવાઓ અંતર્ગત આવરી લેવામાં આવેલ છે.
- હાલમાં વર્ષ ૨૦૨૩ માં સઘન મિશન ઈન્દ્ર ધનુષ ૫.૦ નું ત્રણ તબક્કામાં અમલીકરણ કરવામાં આવેલ. જે અંતર્ગત કુલ ૭૮૪૫૮ બાળકો અને ૧૦૮૮૭ સગર્ભા માતાને આવરી લેવામાં આવેલ છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન -૨૬

**પ્રશ્ન ક્રમાંક –૧૫/૪/૨૩૯૪**
**તા.૨૯/૦૨/૨૦૨૪**
**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :** ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા)

**પ્રશ્ન :**– અમદાવાદ શહેર અને જિલ્લામાં તબીબોની ડીગ્રી ચકાસણી

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

અમદાવાદ શહેર અને જિલ્લામાં તબીબોની ડીગ્રીની ચકાસણી

*15/4/2394 શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં તબીબોની ડીગ્રીની ચકાસણી ક્યારે કરવામાં આવી, | (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ-૨૦૨૨માં માહે મે થી ડિસેમ્બર સુધીમાં કૂલ-૦૮ (આઠ) અને વર્ષ-૨૦૨૩માં માહે જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં કૂલ-૧૬ (સોળ) તબીબોની ડીગ્રીની ચકાસણી કરવામાં આવી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ચકાસણી દરમિયાન વર્ષવાર કેટલા નકલી ડીગ્રી ધરાવતા ડોક્ટરો મળી આવ્યા, અને | (૨) | ઉક્ત સ્થિતિએ વર્ષ-૨૦૨૨ માં ૦૧ (એક) અને વર્સ:-૨૦૨૩ માં ૦૦ (શૂન્ય) નકલી ડીગ્રી ધરાવતા ડોક્ટરો મળી આવ્યા. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત નકલી ડીગ્રી ધરાવતા ડોક્ટરો સામે શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) | મળી આવેલ ૦૧ (એક) નકલી ડીગ્રી ધરાવતાં ડોક્ટર સામે પોલીસ કેસ કરવામાં આવેલ છે. |

..................

# પુરક નોંધ

- છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, અમદાવાદને બોગસ ડૉકટરની મળેલ ફરીયાદના અનુસંધાને કુલ ૦૩ ઈસમો સામે જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, અમદાવાદ દ્વારા સ્થળ તપાસની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી . તપાસ દરમ્યાન ડૉકટરો B.H.M.S ની ડીગ્રી ધરાવતા હતા અને એલોપેથી પ્રેકટીસ કરતા મળી આવેલ હતા. ઉક્ત ડૉક્ટરોની ડીગ્રી નકલી ન હોઈ B.H.M.S ડીગ્રી ધરાવતા હોઈ અને એલોપેથી પ્રેકટીસ કરતા હોય સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક– પરચ/૧૦૨૦૧૪/૧૩૯/છ, તા. ૨૮/૦૧/૨૦૧૫ના પત્ર મુજબ ડીગ્રી વગરનો ઇસમ આયુર્વેદની પ્રેક્ટીસ કરતો જણાય તો તેની અપાસ અને ફોજદારીની કાર્યવાહી જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીએ કરવાની હોય છે. જ્યારે એલોપેથી પ્રેક્ટીસ કરતા ઈસમની સામે તપાસ અને ફોજદારીની કાર્યવાહી કમિશનરશ્રી (આરોગ્ય) હસ્તકના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા કરવાની હોય છે. આયુષની કચેરી ખાતે નકલી આયુર્વેદ કે હોમિયોપેથી ડીગ્રી ધરાવનાર ડૉક્ટરની કોઈ ફરિયાદ મળી આવેલ નથી, જેથી અત્રેની કચેરીથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.
- ગુજરાત મેડીકલ પ્રેકટીશનર્સ એકટ, ૧૯૬૩ ની કલમ–૩૦ મુજબ ગુજરાતમાં પ્રવર્તતા કોઈપણ અધિનિયમ નીચે નોધાયા વગર તબીબી પ્રેક્ટીસ કરતી વ્યક્તિની પ્રેક્ટીસ ગેરકાયદેસર છે. અને તેની સામે કાર્યવાહી કરવામાં આવે છે. અને આ કાયદાની કલમ–૩૫ નીચે બનતા ગુન્હા પોલીસ અધિકારીના છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

**અગ્રતા ક્રમ : ૨૬**

**પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૨૩૯૪**

**તા. ૨૯/૦૨/૨૦૨૪**

**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા)**

**પ્રશ્ન:- અમદાવાદ શહેર અને જિલ્લામાં તબીબોની ડીગ્રી ચકાસણી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➤ રાજયમાં આયુર્વેદ સ્નાતકોનું રજીસ્ટ્રેશન ક્યાં કરવામાં આવે છે? અને કેટલા આયુર્વેદ તબીબો રજીસ્ટ્રેશન ધરાવે છે ? તેમજ રાજ્ય બહારના કેટલા આયુર્વેદ સ્નાતકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે ?<br>➤ આયુર્વેદની ડીગ્રી વગરના નકલી આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિથી ગેરકાયદેસર પ્રેકટીસ કરતા ઈસમ સામે શાં પગલા લેવામા આવે છે ? | શ્રી મુકેશભાઇ પટેલ, ઉંઝા |
| ૨ | ➤ રાજયમાં હોમિયોપેથીક સ્નાતકોનું રજીસ્ટ્રેશન ક્યાં કરવામાં આવે છે ? અને કેટલા હોમિયોપેથી તબીબો રજીસ્ટ્રેશન ધરાવે છે. ? તેમજ રાજ્ય બહારના કેટલા હોમિયોપેથી સ્નાતકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે ? | શ્રી કરસનભાઇ સોલંકી, કડી |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૨૬**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૫/૪/૨૩૯૪**

**આરોગ્ય વિભાગ**

**તા. ૨૯/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (શ્રી મુકેશભાઇ પટેલ, ઉંઝા)

- **રાજયમાં આયુર્વેદ સ્નાતકોનું રજીસ્ટ્રેશન ક્યાં કરવામાં આવે છે? અને કેટલા આયુર્વેદ તબીબો રજીસ્ટ્રેશન ધરાવે છે ? તેમજ રાજ્ય બહારના કેટલા આયુર્વેદ સ્નાતકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે ?**

**જવાબ**

- **રાજયમાં આયુર્વેદ સ્નાતકોનું રજીસ્ટ્રેશન** રજીસ્ટ્રારશ્રી, ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદિક એન્ડ યુનાની સિસ્ટમ્સ ઓફ મેડીસીન ગુજરાતરાજ્ય, સિવિલ કેમ્પસ, અસારવા, અમદાવાદ દ્વારા કરવામાં આવે છે.
- ગુજરાત રાજયમા હાલની સ્થિતિએ **કુલ –૨૬૫૬૧** રજીસ્ટ્રેશન ધરાવે છે.
- રાજ્ય બહારના **કુલ ૫૨૯૦** આયુર્વેદ સ્નાતકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.
- ગુજરાત રાજ્યમાં પ્રવર્તમાન કોઈપણ અધિનિયમ નીચે નોંધાયેલ ન હોય અથવા માન્ય પ્રમાણપત્ર ધરાવતા ન હોય તેવા બોગસ પ્રેક્ટીશનરો વિરુદ્ધ ગુજરાત મેડીકલ પ્રેક્ટીસનર્સ એક્ટ **૧૯૬૩** ની **કલમ–30** મુજબ ગુજરાત રાજ્યમાં પ્રવર્તમાન કોઈપણ અધિનિયમ હેઠળ નોંધાયા વગર પ્રેક્ટીશ કરતી વ્યક્તિની પ્રેક્ટીસ ગેરકાયદેસર છે અને તેની સામે કાર્યવાહી કરવામાં આવે છે. અને આ કાયદાની કલમ–૩૫ નીચે બનતા તમામ ગુન્હા પોલીસ અધિકારીના છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી કરસનભાઇ સોલંકી, કડી)

- **રાજયમાં હોમિયોપેથીક સ્નાતકોનું રજીસ્ટ્રેશન ક્યાં કરવામાં આવે છે ? અને કેટલા હોમિયોપેથી તબીબો રજીસ્ટ્રેશન ધરાવે છે ? તેમજ રાજ્ય બહારના કેટલા હોમિયોપેથી સ્નાતકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે ?**

**જવાબ :–**

- **હોમિયોપેથીક સ્નાતકોનું રજીસ્ટ્રેશન** રજીસ્ટ્રારશ્રી, કાઉન્સિલ ઓફ હોમિયોપેથિક સીસ્ટમ ઓફ મેડિસીન, ગુજરાત રાજ્ય, ન્યુ સિવિલ કેમ્પસ, અસારવા અમદાવાદ દ્વારા કરવામાં આવે છે.
- ગુજરાત રાજયમાં હાલની સ્થિતએ **કુલ–૩૪૩૭૩** હોમિયોપેથી તબીબો રજીસ્ટ્રેશન ધરાવે છે.
- રાજ્ય બહારના **કૂલ– ૩૪૨૯** હોમિયોપેથી સ્નાતકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન-૨૭

**પ્રશ્નક્રમાંક – ૧૫/૪/૨૪૬૦**
**તા.૨૯/૦૨/૨૦૨૪**
**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી : કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ)**
**પ્રશ્ન :– વડોદરા શહેરમાં આયુષ્માન કાર્ડ**

# મુળપ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તા ૩૧/૧૨/૨૦૨૩.ની સ્થિતિએ વડોદરા શહેરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત કુલ કેટલા આયુષ્યમાન કાર્ડ કાઢવામાં આવ્યા છેઅને , | ૮૧,૭૪૩ આયુષ્યમાન કાર્ડ કાઢવામાં આવ્યા છે. |
| ૨ | બાકી રહેલ લાભાર્થીઓ માટે નવા આયુષ્યમાન કાર્ડ કાઢવા સરકારે શું વ્યવસ્થા કરેલ છે ? | "પીએમ.જે.એ.વાય.–મા." યોજના હેઠળ આયુષ્માન કાર્ડની નોંધણી માટે યોજના સાથે જોડાયેલ હોસ્પિટલ તેમજ જોડાયેલ એજન્સી નિયુક્ત કરેલ છેજે થકી જરૂ .રી પુરાવા રજુ કરીને લાભાર્થી આયુષ્માન કાર્ડની નોંધણી કરાવી શકે છે .<br>વધુમાં રાજ્ય સરકાર દ્વારા NFSA ના લાભાર્થીઓને પીએમ.જે.એ.વાય.–. મા" યોજનાનો લાભ આપવા માટે New BIS માં )Beneficiary Identification System) ઈન્ટીગ્રેટ કરેલ છે જેઓની નોંધણી . માટે ભારત સરકારદ્વારા આયુષ્માન એપ પણ બનાવેલ છે જે થકી . લાભાર્થી પોતાની જાતે આયુષ્માન કાર્ડની નોંધણી કરાવી શકે, ત્યાર બાદ બનેલ કાર્ડને જાતે ડાઉનલોડ પણ કરી શકે છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

## વડોદરા જીલ્લામાં પી.એમ.જે.એ.વાય ના બાકી ચુકવણાની વિગતો તા. ૨૮/૦૨/૨૦૨૪ની સ્થિતીએ

| | સરકારી હોસ્પિટલ | ખાનગી હોસ્પિટલ | કુલ |
|---|---|---|---|
| સંખ્યા | ૧૬ | ૩૮ | ૫૪ |
| ચુકવણા બાકી દાવાઓની સંખ્યા | ૯૧૮ | ૧૦૩૨૬ | ૧૧,૨૪૪ |
| બાકી ચુકવણુ | ૧.૧૪ કરોડ | ૧૫.૬૯ કરોડ | ૧૬.૮૪ કરોડ |

## ચુકવણુ બાકી રહેવાના કારણો

- ટેક્નિકલ કારણોસર
- ભારત સરકારના બીઆઇએસ(બેનેફેશિયરી ઇન્ફોર્મેશન સિસ્ટમ) માંથી ડેટા શેરીંગ કરતી વખતે ડેટા લોસ થવાના લીધે
- અનમેપ્ડ કાર્ડ, બ્લોક્ડ કાર્ડ પર ક્લેઇમ રજુ થયેલ જેનુ ચુકવણું બાકી જેમકે, નાણાકિય વર્ષના અંતે ૩૧મી માર્ચે બ્લોક થતા કાર્ડમાં ફેમીલીના મુખ્ય માણસનું કાર્ડ બંધ કરી અને અન્ય સભ્યોના કાર્ડ ચાલુ રહેતા તેના પર ક્લેઇમ બુક થયેલ હોય તેવા.

મુખ્ય પેજ

## ➢ વડોદરા જીલ્લામાં કાર્ડની પરિસ્થિતી :-

- વડોદરા જીલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં **૯,૦૩,૧૧૧** લાભાર્થીઓને કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે.
- અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા પુરા પાડવામાં આવેલ એન.એફ.એસ.એ. કાર્ડના ડેટા મુજબ **૧૨,૫૬,૮૨૦** લોકોને કાર્ડ આપવાપાત્ર થાય.
- **"આયુષ્માન ભવ: આપકે દ્વાર આયુષ્માન 3.0"** તા. ૧૭.૦૯.૨૦૨૩થી તથા **વિકસિત ભારત સંકલ્પ યાત્રા** તા.૧૫.૧૧.૨૦૨૩થી તા. ૧૧.૦૨.૨૪ સુધીમાં **સમગ્ર રાજ્યમાં** કુલ **૫૫.૬૫ લાખ** લાભાર્થીઓની નોંધણી થયેલ છે.
- **પીએમજનમન (પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન)** હેઠળ તા. ૧૫/૦૧/૨૪ થી તા. ૧૧.૦૨.૨૪ સુધીમાં કુલ ૭૫,૨૬૮ PVTG (આદિમ જુથો)લાભાર્થીઓની નોંધણી આયુષ્માન કાર્ડમાં થયેલ છે.(અંદાજે ૧.૫૩ લાખ લાભાર્થીઓ પૈકી લાભ આપવાપાત્ર અંદાજે ૧ લાખ પૈકી ૭૫,૨૬૮ કાર્ડ ઈસ્યુ કરેલ છે.)

## ➢ આયુષ્માન કાર્ડ આશા ઈન્સેન્ટિવ:

- લાભાર્થીની નોંધણી અર્થે આશા બહેનોને પ્રતિ લાભાર્થી E KYC ના રૂ. ૫ અને કાર્ડ ડીલીવરીના રૂ. ૩ મળીને કુલ રૂ. ૮ ઈન્સેટીવ આપવાનું નક્કી થયેલ છે.

મુખ્ય પેજ

# ("પી.એમ.જે.એ.વાય. –મા" યોજના)

| | |
|---|---|
| મુખ્યમંત્રી અમૃતમ(મા) | તા.૪/૯/૨૦૧૨થી અમલમાં. |
| "મા વાત્સલ્ય" | તા. ૧૫/૦૮/૨૦૧૪ અમલમા. |
| આયુષ્માન ભારત –PMJAY | તા. ૨૩/૦૯/૨૦૧૮ થી અમલમાં. |
| "પી.એમ.જે.એ.વાય. –મા" | તા.૦૫/૦૮/૨૦૨૧થી-સંયુક્ત નામ. |

**લાભાર્થીઓ:–**

- "મા" યોજના (ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબો),
- "મા વાત્સલ્ય" યોજના (મધ્યમવર્ગના પરિવાર),
- આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના(SECC 2011ના પરિવારો) તેમજ હાલમાં NFSAના લાભાર્થીનો સમાવેશ.

| | |
|---|---|
| નિયત પ્રોસિઝર– | **૨૪૭૧** |
| જોડાયેલ હોસ્પિટલો – તા. ૧૬.૦૧.૨૪ સુધી | **કુલ ૨,૫૨૨ (૧,૭૨૧ સરકારી, GOI ૧૭ તેમજ ૭૮૪ ખાનગી)** |
| આયુષ્માન કાર્ડનું વિતરણ તા. ૧૮.૦૧.૨૪ સુધી | **કુલ ૨.૩૨ કરોડ** |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

**અગ્રતાક્રમ : ૨૭**
**પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૪૬૦**
**તા.૨૯/૦૨/૨૦૨૪**
**આરોગ્ય વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ)**
**પ્રશ્ન:– વડોદરા શહેરમાં આયુષ્માન કાર્ડ**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | વડોદરા શહેરમાં "પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા યોજના" અંતર્ગત કેટલી હોસ્પિટલો જોડાયેલ છે? વડોદરા શહેરમાં "પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા યોજના" અંતર્ગત જોડાયેલી હોસ્પિટલોમાં ક્યા ક્યા પ્રકારની સ્પેશ્યાલિટી (સારવાર) ઉપલબ્ધ છે ? | શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા, સયાજીગંજ |
| ૨ | પીએમજેએવાય–મા યોજના હેઠળ લાભાર્થીની ફરિયાદ નિવારણ બાબતે શું વ્યવસ્થા કરેલ છે ? | શ્રી અભેસિંહ તડવી, સંખેડા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ–૨૭**

**તારાંકિત પ્રશ્નક્રમાંક– ૧૫/૪/૨૪૬૦**

**આરોગ્ય વિભાગ**

**તા.૨૯/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા, સયાજીગંજ)

- **વડોદરા શહેરમાં "પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા યોજના" અંતર્ગત કેટલી હોસ્પિટલો જોડાયેલ છે? વડોદરા શહેરમાં "પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા યોજના" અંતર્ગત જોડાયેલી હોસ્પિટલોમાં ક્યા ક્યા પ્રકારની સ્પેશ્યાલિટી (સારવાર) ઉપલબ્ધ છે ?**

**જવાબ :–**

- વડોદરા શહેરમાં "પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા યોજના" અંતર્ગત કુલ–૫૪ હોસ્પિટલો જોડાયેલ છે. જેમાં ૩૮ ખાનગી અને ૧૫ સરકારી અને ૧ GOI હોસ્પિટલ જોડાયેલ છે.
- વડોદરા શહેરમાં "પ્રધાનમંત્રી જન આરોગ્ય–મા યોજના" અંતર્ગત જોડાયેલી હોસ્પિટલોમાં ડાયાલીસીસ, જનરલ સર્જરી, જનરલ મેડીસીન, નિઓનેટલ કેર પેકેજ, ગાયનેકોલોજી, ઓર્થોપેડીક, યુરોલોજી, ઈમરજન્સી રૂમ પેકેજ, ઓન્કોલોજી, બર્નસ મેનેજમેન્ટ જેવી સ્પેશ્યાલિટી (સારવાર) ઉપલબ્ધ છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી અભેસિંહ તડવી, સંખેડા)

- **પીએમજેએવાય–મા યોજના હેઠળ લાભાર્થીની ફરિયાદ નિવારણ બાબતે શું વ્યવસ્થા કરેલ છે ?**

**જવાબ :–**

- પીએમજેએવાય–મા યોજના હેઠળ ફરિયાદ નિવારણ હેતું રાજ્ય કક્ષાએ રાજ્ય ફરિયાદ નિવારણ સમિતિ તેમજ જિલ્લા કક્ષાએ જિલ્લા ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવેલ છે. લાભાર્થીને વધુ યોજનાકીય જાણકારી મળી રહે તેમજ ફરિયાદના ઉકેલ ઝડપથી થાય તે હેતુથી ટોલ ફ્રી નંબર–૧૮૦૦૨૩૩૧૦૨૨ તેમજ nhpmgujarat@gmail.com ઈ–મેઈલ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- "પી.એમ.જે.એ.વાય–મા" યોજનાના લાભાર્થી પોતાની ફરિયાદ ટોલ ફ્રી નંબર ૧૪૫૫૫ અને ૧૮૦૦ ૨૩૩ ૧૦૨૨ ઉપર, કેન્દ્ર સરકારનાં CGRMS સોફ્ટવેર, પી.જી. પોર્ટલ ઉપર, જનસંપર્ક ઉપર પોતાની ફરિયાદ નોંધાવી શકે છે. જેમાં લાભાર્થીની ફરિયાદનું સમયમર્યાદામાં વહેલી તકે નિવારણ કરવામાં આવે છે.

મુખ્ય પેજ

# પ્રશ્ન:- ૨૮

**પ્રશ્ન ક્રમાંક – ૧૫/૪/૨૧૪૧**
**તા. ૨૯/૦૨/૨૦૨૪**
**આરોગ્ય વિભાગ**

**માન. ધારાસભ્યશ્રી :** શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર)

**પ્રશ્ન :–** રાજ્યની મેડીકલ કોલેજોમાં અનુસ્નાતકની બેઠકો

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**રાજયની મેડીકલ કોલેજોમાં અનુસ્નાતકની બેઠકો**

* 15/4/2141 **શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ** ( ગાંધીનગર ઉત્તર)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં મેડીકલ કોલેજોમાં કેટલી અનુસ્નાતકની બેઠકો છે, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમની કુલ ૨૭૬૧ બેઠકો ઉપલ્બધ છે. |
| (૨) | ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસ્નાતકની કેટલી બેઠકોમાં વધારો થયો છે? | (૨) | ઉકત સ્થિતિએ છેલ્ા એક વર્ષમાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં ૪૦૯ બેઠકોનો વધારો થયો છે |

મુખ્ય પેજ

# પુરક નોંધ

- તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ૬ (છ) સરકારી મેડીકલ કોલેજો, ૧૩ (તેર) જી.એમ.ઈ.આર.એસ. સંચાલિત મેડીકલ કોલેજો અને ૨૦ (વીસ) ખાનગી મેડીકલ કોલેજો (૩ – મ્યુનિસિપાલિટી સંચાલિત મેડીકલ કોલેજો અને ૧૭– સ્વ–નિર્ભર મેડીકલ કોલેજો ) કાર્યરત છે.
- ઉક્ત મેડીકલ કોલેજો ખાતે સ્નાતક અભ્યાસક્રમની ૭૦૫૦ અને અનુસ્નાતક અભ્યાસક્રમની ૨૭૬૧ બેઠકો ઉપલ્બધ છે. ગત વર્ષે ઉક્ત મેડીકલ કોલેજો ખાતે અનુસ્નાતક અભ્યાસક્રમની ૨૩૫૨ બેઠકો ઉપલ્બધ હતી જેમાં ચાલુ વર્ષે ૪૦૯ બેઠકોનો વધારો થયેલ છે.
- રાજ્યમાં સરકારી, મ્યુનિસિપાલિટી સંચાલિત, જીએમઈઆરએસ, સ્વ નિર્ભર મેડીકલ કોલેજની વર્ષ ૨૦૨૩–૨૪ની અનુસ્નાતક અભ્યાસક્રમની બેઠકોની સંખ્યા દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ :૨૮

### પ્રશ્ન ક્રમાંક :૧૫/૪/૨૧૪૧

### તા.૨૯/૦૨/૨૦૨૪

### આરોગ્ય વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર)**

**પ્રશ્ન:–રાજ્યની મેડીકલ કોલેજોમાં અનુસ્નાતકની બેઠકો**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ➢ રાજ્યમાં ચાલી રહેલા અનુસ્નાતક અભ્યાસક્રમોની કોના દ્વારા મંજૂરી આપવામાં આવે છે?<br>➢ રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજો ખાતે કેટલી અનુસ્નાતક અભ્યાસક્રમની બેઠકો ઉપલબ્ધ છે?<br>➢ રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમની ફીનું ધોરણ શું છે? | શ્રીમતી રીટાબેન પટેલ ગાંધીનગર ઉત્તર |
| ૨ | અનુસ્નાતક અને સુપરસ્પેશ્યાલીટી અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા શી છે? | શ્રી અલ્પેશભાઈ ઠાકોર, ગાંધીનગર (દ) |
| ૩ | રાજ્યમાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કેટલું સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવે છે? | શ્રીમતી સંગીતાબેન પાટીલ, લિંબાયત |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ-૨૮**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૫/૪/૨૧૪૧**

**આરોગ્ય વિભાગ**

**તા.૨૯/૦૨/૨૦૨૪**

પેટા પ્રશ્ન ૧ (શ્રીમતી રીટાબેન પટેલ ગાંધીનગર ઉત્તર)

- **રાજયમાં ચાલી રહેલા અનુસ્નાતક અભ્યાસક્રમોની કોના દ્વારા મંજૂરી આપવામાં આવે છે?**
- **રાજયમાં સરકારી મેડીકલ કોલેજો ખાતે કેટલી અનુસ્નાતક અભ્યાસક્રમની બેઠકો ઉપલબ્ધ છે?**
- **રાજયમાં સરકારી મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમની ફીનું ધોરણ શું છે?**

**જવાબ –**

- રાજયમાં ચાલી રહેલા અનુસ્નાતક અભ્યાસક્રમોને નેશનલ મેડીકલ કમિશન(NMC), નવી દિલ્હી, નેશનલ બોર્ડ ઓફ એકઝામીનેશન ઈન મેડીકલ સાયન્સીસ, નવી દિલ્હી (NBEMS) અને કોલેજ ઓફ ફીઝીસીયન એન્ડ સર્જન (CPS), મુંબઈ દ્વારા મંજૂરી આપવામાં આવે છે.
- રાજયમાં ૦૬ સરકારી મેડીકલ કોલેજોમાં ૧૩૩૫ બેઠકો ઉપલબ્ધ છે.
- રાજયમાં સરકારી મેડીકલ કોલેજોમાં મેડીકલ ડીગ્રી અનુસ્નાતક અભ્યાસક્રમમાં રૂ.૩૦,૦૦૦/-, મેડીકલ ડીપ્લોમામાં રૂ.૨૫,૦૦૦/- અને સુપરસ્પેશ્યાલીટી અભ્યાસક્રમમાં રૂ.૪૦,૦૦૦/- વાર્ષિક ફી નિયત કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

પેટા પ્રશ્ન ૨ (શ્રી અલ્પેશભાઇ ઠાકોર, ગાંધીનગર (દ))

- **અનુસ્નાતક અને સુપરસ્પેશ્યાલીટી અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા શી છે?**

**જવાબ:–**

- અનુસ્નાતક અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા માટે આરોગ્ય મંત્રાલય, ભારત સરકારશ્રી, દ્વારા NEET PGની પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે, તે પ્રવેશ પરીક્ષાના પરિણામના આધારે ગુજરાત રાજ્યમાં આવેલી તમામ મેડીકલ કોલેજોમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બનાવેલ પ્રવેશ નિયમોને આધારે સંપૂર્ણ ઓનલાઈન પદ્ધતિથી NEET PG મેરીટ કમ ચોઈસ કમ પ્રેફરન્સના આધારે કરવામાં આવે છે.
- ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી મેડીકલ કોલેજોની અનુસ્નાતક બેઠકોમાં ૫૦% બેઠકોની પ્રવેશ કાર્યવહી ઓલઈન્ડીયા ક્વોટાની બેઠકો તરીકે NEET PGના મેરીટથી ભારત સરકારશ્રીના આરોગ્ય મંત્રાલય દ્વારા પ્રવેશ કાર્યવાહી કરવામાં આવે છે.
- ગુજરાત રાજ્યમાં આવેલ તમામ મેડીકલ કોલેજોમાં ચાલતા સુપર સ્પેશ્યાલીટી અભ્યાસક્રમના પ્રવેશ માટે ભારત સરકારશ્રીના આરોગ્ય મંત્રાલય દ્વારા NEET-SS ની પ્રવેશ પરીક્ષા દર વર્ષે લેવામાં આવે છે, આ પ્રવેશ પરીક્ષાના પરિણામના આધારે સંપૂર્ણ ઓનલાઈન પદ્ધતિથી મેરીટ કમ ચોઈસ કમ પ્રેફરન્સના મુજબ પ્રવેશ કાર્યવાહી ભારત સરકારશ્રીના આરોગ્ય મંત્રાલય દ્વારા કરવામાં આવે છે. આમ, સુપરસ્પેશ્યાલીટી બેઠકોની પ્રવેશ કાર્યવાહી ફક્તને ફક્ત ભારત સરકારશ્રીના આરોગ્ય મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૩ (શ્રીમતી સંગીતાબેન પાટીલ, લિંબાયત)

➢ **રાજ્યમાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કેટલું સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવે છે?**

**જવાબઃ–**

➢ રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ચુકવવામાં આવતા સ્ટાઈપેન્ડની વિગતો જોઈએ તો..

| **મેડીકલ રેસીડન્ટ (ડીગ્રી)** | | |
|---|---|---|
| ક્રમ | હોદો | સ્ટાઈપેન્ડ (રૂ.) |
| ૧ | 1st year | ૮૪,૦૦૦/– |
| ૨ | 2nd year | ૮૫,૪૦૦/– |
| ૩ | 3rd year | ૮૭,૫૦૦/– |
| ૪ | 4th year (Sr. Resident) | ૯૨,૪૦૦/– |
| ૫ | Clinical Assistant | ૯૨,૪૦૦/– |
| **મેડીકલ રેસીડન્ટ (સુપરસ્પેશ્યાલીટી)** | | |
| ૧ | 1st year | ૧,૦૦,૮૦૦/– |
| ૨ | 2nd year | ૧,૦૫,૦૦૦/– |
| ૩ | 3rd year | ૧,૧૨,૦૦૦/– |
| **મેડીકલ રેસીડન્ટ (ડીપ્લોમા)** | | |
| ૧ | 1st year | ૬૩,૦૦૦/– |
| ૨ | 2nd year | ૬૮,૬૦૦/– |

મુખ્ય પેજ